# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ００７

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૪/૮/૨૦૨૧

તંત્રીશ્રી, __________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# નવા ઉદ્યોગકારોને કાયદાની અન્વયે રહેણાંક સરનામા ઉપર જીએસટી રજિસ્ટ્રેશન આપવા માટે ચેમ્બરની રજૂઆત

**ધંધા – રોજગારનું સરનામું રહેણાંક નહીં હોવું જોઇએ તે અંગે જો કાયદામાં કોઇ જોગવાઇ હોય તો તે અંગે જીએસટી વિભાગ તરફથી ખુલાસો કરવામાં આવે અન્યથા નવા ઉદ્યોગકારોને કાયદાની અન્વયે રહેણાંક સરનામા ઉપર જીએસટી રજિસ્ટ્રેશન ફાળવવામાં આવે : ચેમ્બરની જીએસટી વિભાગના અધિકારીઓ સમક્ષ રજૂઆત**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ આશીષ ગુજરાતીના નેજા હેઠળ ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ હાર્દિક પી. શાહ, મુકુંદ ચૌહાણ, રોહન દેસાઇ અને ઇશ્વર જીવાણી સહિતના પ્રતિનિધી મંડળે જીએસટી વિભાગ સુરત ડિવીઝન ૭ના જોઇન્ટ કમિશનર એ.બી. મહેતા અને ૮ના જોઇન્ટ કમિશનર પી.જે. પુજારાની મુલાકાત લીધી હતી. હાલમાં ઉદ્યોગકારોને રહેણાંક સરનામા ઉપર જીએસટી રજિસ્ટ્રેશન નહીં આપવામાં આવતા નાના ઉદ્યોગકારોને પડી રહેલી મુશ્કેલીને દૂર કરવા માટે રાજ્ય જીએસટી વિભાગ દ્વારા કાયદાની અન્વયે ઉદ્યોગકારોને રહેણાંક સરનામા

ઉપર જીએસટી રજિસ્ટ્રેશન ફાળવવા માટે રજૂઆત કરવામાં આવી છે. આ અંગે ચેમ્બરે ગુજરાત રાજ્યના ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષીસ જે.પી. ગુપ્તાને પણ લેખિતમાં રજૂઆત પાઠવી છે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, છેલ્લાં ઘણા સમયથી દેશમાં તથા ગુજરાત રાજ્યમાં કોવિડ– ૧૯ને કારણે ઘણા ખરા ઉદ્યોગ – ધંધાઓ ઠપ્પ થયા હતા, જેને કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા ફરીથી ચાલુ કરવા માટે આર્થિક પેકેજ અમલમાં મુકવામાં આવ્યું હતું. જ્યારે ગુજરાત સરકારે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ આપવાની બાંયધરી આપી છે. આખો દેશ જ્યારે આર્થિક તકલીફમાંથી પસાર થઇ રહયો છે તથા મહિલાઓ, વિદ્યાર્થીઓ અને નાના – નાના વેપારીઓ આર્થિક કટોકટીમાંથી બહાર આવવા માટે વેપાર – ધંધો ઘરેથી કરવા માટે મજબુર બન્યા છે, ત્યારે આવી સ્થિતિમાં હાલમાં જીએસટી વિભાગના અમુક અધિકારીઓ દ્વારા ઉદ્યોગકારોને રહેણાંક સરનામા ઉપર જીએસટી રજિસ્ટ્રેશન આપવામાં આવી રહયું નથી.

સીજીએસટી એકટ ૨૦૧૭ ના કાયદામાં પણ ધંધા – રોજગારનું સરનામું રહેણાંક નહીં હોવું જોઇએ તે અંગે સ્પષ્ટ જોગવાઇ નથી, ત્યારે જીએસટી વિભાગના અમુક અધિકારીઓ પોતાની રીતે મનઘડત અર્થઘટન કરી નવા ઉદ્યોગકારો પાસેથી સોસાયટી પ્રમુખનું એનઓસી, ગુમાસ્તા ધારા રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ વિગેરે વિવિધ માંગણીઓ કરવામાં આવી રહી છે, જે કાયદાની જોગવાઇ મુજબ નથી.

ધંધા – રોજગારનું સરનામું રહેણાંક નહીં હોવું જોઇએ તે અંગે જો કાયદામાં કોઇ જોગવાઇ હોય તો તે અંગે જીએસટી વિભાગ તરફથી ખુલાસો કરવામાં આવે અન્યથા નવા ઉદ્યોગકારોને કાયદાની અન્વયે રહેણાંક સરનામા ઉપર જીએસટી રજિસ્ટ્રેશન ફાળવવામાં આવે તેવો અનુરોધ ચેમ્બર દ્વારા કરવામાં આવ્યો હતો.

તદુપરાંત સ્ટેટ જીએસટી દ્વારા કાયદાની અંદર સમાવેશ ન હોય તેવા પણ દસ્તાવેજી પુરાવાની માંગણી કરતા હોવાની વ્યાપક ફરિયાદો હોવાથી તે અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી. અને કાયદામાં સમાવિષ્ટ ન હોય તેવા કોઇપણ પ્રકારના દસ્તાવેજો જેવા કે ગુમાસ્તા ધારા લાયસન્સ વિગેરે ન હોવાને કારણે જીએસટી રજિસ્ટ્રેશનની એપ્લીકેશન નામંજૂર કરાઇ રહી છે તે ગેરવ્યાજબી અને ગેરકાયદેસર છે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી.